# ગોદરેજની સીક્યોરિટી સોલ્યુશન્સે UV કેસ લોંચ કર્યું

# ભારતમાં હેલ્થ સીક્યોરિટી પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું

મુંબઈ, શુક્રવાર

સીક્યોરિટી સોલ્યુશન્સમાં ભવિષ્યની ટેક્નોલોજી વર્તમાનમાં પ્રસ્તુત કરવામાં અગ્રણી કંપની ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ (GSS)એ મે મહિનામાં કોવિડ ડિફેન્સ સીક્યોરિટીમાં વિવિધ ઉત્પાદનો સાથે હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી હતી. હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટમાં ઉત્પાદનો માટે વધતી માગને પૂર્ણ કરવા માટે ગોદરેજે 'UV કેસ' લોંચ કર્યું છે અને એના હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટનું વિસ્તરણ કર્યું છે. પોર્ટફોલિયો રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ, ઉપકરણો અને સપાટીઓને સેનિટાઇઝ કરવાની સમસ્યાનું સમાધાન કરશે, જે સંકુલમાં પ્રવેશ કરતા અગાઉ કેટલાંક લોકોના સંપર્કમાં આવે છે.

ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશનમાંથી નવી લોંચ થયેલી પ્રોડક્ટ UV કેસ UV-C લાઇટ ડિસઇન્ફેક્શન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જે હાલના ડિસઇન્ફેક્શન ડેટા અને અનુભવજન્ય પુરાવા પર આધારિત વાયરસ અને જીવાણુઓના ટ્રાન્સમિશનને ઘટાડો કરવા વિવિધ અવરોધો ઊભો કરવામાં મદદ કરે છે. [illegible] UV-C સ્ટરિલાઇઝેશન SARS-CoV-1સહિત ૯૫ મિલિયનથી વધારે રોગવાહકો, વાયરસ અને બેક્ટેરિયાનો નાશ કરવા માટે સૌથી વધુ અસરકારક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

આ લોંચ પર ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સના વાઇસ પ્રેસિડન્ટ મેહેરનોશ પિઠાવાલાએ કહ્યું હતું કે, "અભ્યાસો દર્શાવે છે કે, UV-C લાઇટનો ૪૦ વર્ષથી વધારે સમયગાળાથી ઉપયોગ તમામ પ્રકારનાં રોગવાહકો સામે પીવાનું પાણી, નકામું પાણી, હવા, ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો અને સપાટીઓને ડિસઇન્ફેક્ટ કરવા માટે થઈ રહ્યો છે. અત્યારે સ્વાસ્થ્યલક્ષી સુરક્ષા દરેક માટે સૌથી વધુ મહત્વપૂર્ણ છે. કોવિડ-૧૯ પછી એવા ઉત્પાદનની જરૂરિયાત વધી છે, જે બહારના વાતાવરણમાંથી ઘરમાં લાવવામાં આવતી કોઈ પણ ચીજવસ્તુઓને સેનિટાઇઝ કરે. ગોદરેજ UV કેસ આ જરૂરિયાત પૂર્ણ કરે છે, આ મોબાઇલ, માસ્ક, અખબાર, વસ્ત્રો, એક્સેસરીઝ, પુસ્તકો, બેગ અને અન્ય ઘણી ચીજવસ્તુઓ જેવી રોજિંદા વપરાશની મોટા ભાગની ચીજવસ્તુઓને ડિસઇન્ફેક્ટ અને ડિસઇન્ફેક્ટ કરે છે. આ PPEs કિટનું સેનિટાઇઝેશન કરવા માટે હેલ્થકેર ક્ષેત્ર માટે પણ મદદરૂપ થશે. બજારમાં લીડર તરીકે ગ્રાહકો સુધી કોઈ પણ પ્રોડક્ટને પહોંચાડતા અગાઉ એનું આંતરિક અને બાહ્ય સ્તરે પરીક્ષણ કરવું અમારા માટે જરૂર હતું. UV કેસ સાથે આપણે દુનિયાને સલામત અને સ્વસ્થ સ્થાન બનાવવાના અમારા મિશનને હાંસલ કરવા એક પગલું આગળ વધ્યાં છીએ."

મેહેરનોશે ઉમેર્યું હતું કે, "ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સના અંદાજ મુજબ, દેશમાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં હેલ્થ સીક્યોરિટી અને સેફ્ટી માર્કેટ આશરે રૂ. ૨૦૦ કરોડનું થઈ જશે.